| | | |
|---|---|---|
| वर्ष : २३ | सने : २०२४ | सं.२०८० |
| अंक : १, | સળંગ અંક-૧૩૩ | अषाढ-जुलाई |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૩ સને ૨૦૨૪ સં.૨૦૮૦
અંક : ૧ અષાઢ-જુલાઈ સળંગ અંક-૧૩૩


**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**


**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**

**રાજેશ બી. શાહ**
જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર
ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની
લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-૧૫.
(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ અહો નવકાર !!!
★ વાંચનનું તારણ...
★ આત્મવિજ્ઞાન
★ પૂજ્યશ્રીનાં પાવનપગલે...વચને..


## આર્ષવાણી

**विद्यया सह मर्तव्यं,**
**न देया कुशिष्यके।**
**विद्याया लालितो मूर्खः,**
**पश्चात्संपद्यते रिपुः ।।**

પોતાને મળેલી વિદ્યા સાથે મરવું પરંતુ કુશિષ્યને (અપાત્રને) ન આપવી. વિદ્યાથી લાલન - પાલન કરેલો મૂર્ખ પાછળથી શત્રુ બને છે.

જ્ઞાન સંપન્ન - વિદ્યાથી અલંકૃત એવા પણ દુર્જનનો ત્યાગ કરવો... કારણ; મસ્તક પર મણિ હોય તેવો સાપ પણ શું ભયંકર (મારક) નથી હોતો ?



## ★ અહો નવકાર !!! ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

(ગતાંકથી...) **રાજસિંહ અને સુમતિ:** બંને મિત્રો દેશાંતર માટે નગર છોડી નીકળી ગયા છે. અનેક ગામ - નગર પસાર કરી રહ્યા છે. સાથે સાથે દિવસો પણ વીતી રહ્યા છે. સાહસ અને ભાગ્ય તેમને આગળ વધારી રહ્યાં છે. બીજી તરફ રત્નવતીને મળવા - મેળવવાની આશા - અરમાન પણ જોમ પૂરી રહ્યાં છે. કોઈપણ ધ્યેય સાથે પુરુષાર્થ કરવામાં આવે છે, ત્યારે શરીરમાં અને મનમાં શક્તિનો સંચાર થતો રહે છે. સંકલ્પબળ મહત્ત્વનું કાર્ય કરે છે. અડગ મનના માનવીને પહાડ પણ ક્યાં નડે છે ? મન હોય તો માંડવે કેમ ન પહોંચાય ?

શાસ્ત્રકારોએ તો મનને બંધ અને મુક્તિનું મુખ્ય કારણ ગણાવ્યું છે. આનંદઘનજી મ. જેવા અધ્યાત્મ જગતના ફીરસ્તાએ પણ ઠીક જ કહ્યું છે કે - 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું...' 'ગુણસ્થાનક ક્રમારોહ' નામના ગ્રંથમાં, ગ્રંથકાર શ્રી રત્નશેખરસૂરિજી મ. પણ જણાવે છે કે - પાંચ ઈન્દ્રિયમાં રસના (જીભ) ઈન્દ્રિયને જીતવી કઠિન છે. આઠ કર્મોમાં મોહનીયકર્મ ઉપર વિજય મેળવવાનું કાર્ય દુષ્કર છે. વ્રતોમાં બ્રહ્મચર્યવ્રતનું પાલન કઠિન છે, તો મન-વચન-કાયગુપ્તિમાં મનોગુપ્તિનું પાલન અર્થાત્ મનોગુપ્તિ રાખવી દુષ્કર છે. વચનગુપ્તિ અને કાયગુપ્તિ એટલી દુષ્કર નથી.

બંને મિત્રોનું મન મજબૂત છે. મન શરીરને અને ઈન્દ્રિયોને બળ પૂરું પાડે છે. કાયબળ કે વચનબળથી તેટલાં કર્મોને નથી બાળી શકાતાં. તે માટે મનોબળ જ કામ આવે છે. કારણ, તે માટે ધ્યાન જરૂરી છે. ધ્યાન મનથી થાય છે. મનના સામર્થ્ય આગળ વચન અને કાયાનાં બળ વામણાં પુરવાર થાય છે. વળી, મન દ્વારા જ વચન અને કાયા કાર્ય કરે છે. એટલે કે - મનની પ્રેરણા વગર વચન - કાયાનો વ્યાપાર થતો નથી.

બંને મિત્રો મનોબળના આધારે આગળ વધી રહ્યા છે. આગળ વધતાં એક નિર્જન અટવીમાં આવી પહોંચ્યા. માનવરહિત અટવીમાં એક દિશામાંથી કોઈ પુરુષનો રડવાનો અવાજ સંભળાયો. અવાજમાં ક્યાંક દર્દ-પીડા છુપાયેલાં હોય તેવું જણાતું હતું. રાજકુમારના કાનમાં અવાજ આવતાં જ તેના દિલમાં દયા ઉભરાઈ. કરુણાથી તેનું ચિત્ત આર્દ્ર બની ગયું. મદદ કરવાની ભાવના સાથે રાજકુમાર તલવાર લઈ અવાજની દિશામાં આગળ વધ્યો. નજીક જતાં જ જોવા - જાણવા મળ્યું કે - એક સામાન્ય માનવ, વિકરાળ રાક્ષસના પંજામાં સપડાયેલો અને નિ:સહાય હોવાના કારણે આક્રંદ કરતો હતો.

ભડવીર - સાહસિક રાજકુમાર તરત જ ત્યાં પહોંચી ગયો. કોઈપણ ભોગે તેને રાક્ષસની પકડમાંથી છોડાવવાની ભાવના પ્રબળ બની છે. રાજકુમારે રાક્ષસને પૂછ્યું : આ નિર્દોષ જણાતા માનવે કયો અપરાધ કર્યો છે, જેના કારણે તું એને મરણાંત કષ્ટ આપી રહ્યો છે ?

રાક્ષસે જવાબ આપતાં કહ્યું : હે વીરપુરુષ ! આ માનવ મને વશ કરવા માટે સાધના કરતો હતો. મેં તેને જણાવ્યું કે - તું જો તારા શરીરમાંથી તારું માંસ કાઢીને - કાપીને મને આપે તો હું તને વશ થાઉં. મને માનવમાંસ ખૂબ પ્રિય છે. તે સમયે આ માનવે મને તેનું માંસ ન આપ્યું. હું ભૂખ્યો છું. તેણે મારી વાત ન માની. હવે તે મારા હાથમાં આવી ગયો છે. મારા ભક્ષ્યને હું કેમ છોડું ?

પોતાની સાહસિકતા, વીરતા અને નીડરતાનો પરિચય આપતાં રાજકુમારે વળતો જ વાક્પ્રહાર કર્યો કે - 'હે રાક્ષસ ! તું જો એને છોડી દે, તો હું મારું ઉત્તમ માંસ આપું...' એમ કહી આ સાહસવીર અને દયાળુ રાજકુમારે પોતાની તલવાર મ્યાનમાંથી બહાર કાઢી. તલવારના સહારે પોતાના જ શરીરનું માંસ કાઢવા તે તૈયાર થઈ ગયો ! પરગજુ સ્વભાવ વગર આ ક્યાંથી શક્ય બને ? પોતાના ભોગે બીજાને બચાવવાની ભાવના ઉત્તમ પુરુષના મનમાં જ ઊઠે છે. આવા જીવો સામાને બચાવવા કે જીવાડવા પોતાના પ્રાણ આપવાય તૈયાર થઈ જતા હોય છે !

તરવરિયા, સાહસિક અને શૂરવીર યુવાનની આવી બહાદૂરી જોઈ રાક્ષસ એ યુવાન - રાજકુમાર પર ઓવારી ગયો. પ્રસન્ન થઈ ગયો. તે રાક્ષસે યુવકને જણાવ્યું કે : હે પરોપકારી પુરુષ ! હે નરવીર! હું તારા સાહસ પર તુષ્ટમાન થયો છું... અજ્ઞાત વ્યક્તિ માટે તું તારી જાતનું બલિદાન દેવા તૈયાર થઈ ગયો ! વળી, નરભક્ષી રાક્ષસ સામે ! ક્યાં દૈવી શક્તિ અને ક્યાં માનવની શક્તિ ? દેવ - રાક્ષસની સામે માનવીય તાકાત સાવ સામાન્ય હોય છે. વિશિષ્ટ ધર્મની શક્તિવાળા કે વિક્રમ - પરાક્રમ કરનાર માનવ સિવાય કોઈ પણ વ્યક્તિ દેવને હરાવી - હંફાવી શકતી નથી !

અહીં રાજસિંહ કુમારની સાહસિકતા, વીરતા અને કરુણા (દયા) ના કારણે દેવ (રાક્ષસ) ઝૂકી ગયો ! સાથે વિનંતિ કરતાં રાક્ષસે કહ્યું : હે નરરત્ન ! જે કાંઈ વરદાન માંગવું હોય તે માંગી લે... તારી સાહસિકતાને મારા પ્રણામ !

**સાહસે શ્રીર્વસતિ :** સાહસિકને જ લક્ષ્મી (સિદ્ધિ) મળે છે. શૌર્ય તો તમામ બળોનો રાજા ગણાય. માનવને ચપટીમાં રોળી નાંખનાર, યમદ્વારે પહોંચાડી દેનાર હાથી, સિંહ, વાઘ, ચિત્તો કે વરુ જેવાં જંગલી જાનવર હોય કે રાક્ષસાદિ દૈવી તાકાત હોય... શૌર્યવાળો, ધર્મનિષ્ઠ માનવ પીછે હઠ કરતો નથી. પીઠ બતાવતો



નથી (ભાગતો નથી.) પ્રાણની પરવા કર્યા વગર વીરતા બતાવતા તૈયાર થઈ જાય છે. અને આવા પ્રસંગે માનવની જીત થાય છે, તે પણ અનેક ઐતિહાસીક સત્ય ઘટનાઓએ પુરવાર કરી દીધું છે!

અહીં પણ રાજકુંવરનો વિજય થયો ! વરદાનમાં રાજકુમારને રાક્ષસે કહ્યું : તમારા કહેવાથી હું આ સાધક-માનવને જીવતો છોડી દઉં છું ! વળી, તમે તમારા માટે ભલે કાંઈ નથી માંગ્યું પરંતુ તમારા ઉપર પ્રસન્ન થઈ ચિંતામણિરત્ન આપું છું !! તેનો સ્વીકાર કરો. મારું આટલું માન રાખો.... એમ કહી રાક્ષસે રાજસિંહ રાજકુમારને ચિંતામણિ આપ્યું અને અદશ્ય થઈ ગયો.

રાજસિંહ અને સુમતિ : બંને મિત્રો એ અટવીના માર્ગે આગળ વધ્યા. રસ્તામાં, માર્ગ પણ કપાય અને પોતાના મનની વાત વિશ્વનીય મિત્રને જણાવી શકાય... તેથી પોતાના જાતિસ્મરણજ્ઞાનના આધારે, રત્નવતીનો પોતાની સાથેનો સંબંધ-વૃત્તાંત પોતાના મિત્રને જણાવ્યો. ગયા જન્મની ભીલ - ભીલડીનો સંબંધ અને વર્તમાનમાં રાજસિંહ - રત્નવતી તરીકે ઉત્પત્તિની વાત જણાવી દીધી.

રાજસિંહની વાત સાંભળ્યા પછી હાસ્ય સાથે મિત્ર સુમતિએ જણાવ્યું કે - તું જે કન્યા સાથે વિવાહ કરવા માંગે છે, તે તો હાલમાં પુરુષ દ્વેષિણી થઈ ગઈ છે. તેથી રાજસિંહ તરીકે તું તેણીને કઈ રીતે મળી શકીશ ? તે તો પુરુષનું મોં જોવાય તૈયાર નથી, ભલે તું તેણીનો ગયા જન્મનો ભર્તાર છે. મળવાનું જ જ્યાં સંભવિત નથી જણાતું, ત્યાં વાત-ચીત કરવી કે આગળ વધીને સંબંધ બાંધવો તો કઈ રીતે શક્ય બનશે ?

હે સુમતિ ! સાંભળ જે ભાગ્યયોગે આટલી વિગત મેળવી આપી છે, તે ભાગ્ય તેણી - રત્નવતીનો ભેટો પણ કરાવી દેશે એવો મને વિશ્વાસ છે. સંસ્કૃતનું સુભાષિત - 'सर्वत्र भाग्यं फलति' અથવા भाग्यं फलति सर्वत्र। આ વાતને સમર્થન આપે છે. ચિંતા કરવાની જરૂર નથી. જંગલમાંય આપણને નસીબ સાથ આપી રહ્યું જ છે ને ? પુણ્ય - પાપ એવી ચીજ છે કે - ગાયની પાછળ વાછરડાની જેમ, તે જીવની સાથે જ રહે છે, ભલે તમે જંગલમાં હો કે મહેલમાં... બાગમાં હોય કે યુદ્ધના મેદાનમાં...! પુણ્યના ઉદયકાળમાં બધાં જ પાસાં સીધાં પડે છે. પાપના ઉદય સમયે વિપરીત પરિણામ મળે છે ! પુણ્યોદય સફળતા અપાવે છે, પાપોદય નિષ્ફળતાની ભેટ ધરી દે છે !

વળી, એક સમયની વાત છે. જંગલમાં આંબાના ઝાડ નીચે રાજકુમાર આરામ કરી રહ્યો છે, સૂતો છે. તે જ જગ્યાએ આકાશ માર્ગે જતા એક વિદ્યાધરની નજર આ રાજકુમાર પર પડી. લલાટ પર રાજતેજ છે. રૂપ - સૌભાગ્ય ચહેરા પર

ઝળકી રહ્યાં છે. સૌંદર્ય અને લાવણ્ય તેના પુણ્યની ચાડી ખાય છે. સામાન્ય વેષ હોવા છતાં કુદરતે આપેલું રૂપ જ આકર્ષણ માટે પૂરતું છે. રૂપ અને ગુણ કોના માટે આકર્ષણનું કારણ નથી બનતું ? કેરી વગેરે ફળો પણ રૂપ દ્વારા જ આકર્ષણ ઊભું કરે છે ને ? આંખનો સ્વભાવ રૂપ - રંગને જ પકડવાનો છે ! રૂપ - રંગ જોવા પછી ચક્ષુરિન્દ્રિય બાકીની ઈન્દ્રિયો અને મનને ઉશ્કેરે છે. ઉશ્કેરાયેલું મન ઈન્દ્રિયને સાથ આપી જીવને પરવશતા તરફ ધકેલી દે છે ! બંને ભેગા થઈ આત્માને નબળો પાડી દે છે ! ત્યાં હિતાહિતનો વિચાર ગૌણ થઈ જાય છે. આત્મબળ નબળું હોય તો જીવને ગુલામ બનાવી દે છે ! જડની સામે ચેતનને હાર કબૂલવી પડે છે.

કુમારનું અદ્ભુત રૂપ જોઈ વિદ્યાધરને વિચાર આવ્યો કે - મારી પાછળ મારી સ્ત્રી - પત્ની આ જ માર્ગે આવી રહી છે. એની નજર જો આ કુમાર તરફ ગઈ તો મને છોડી તેના પર સ્નેહવાળી થઈ જશે ! આનો અર્થ એ પણ છે કે - વિદ્યાધર કરતાંય આ રાજકુમારનું રૂપ ચઢિયાતું હતું ! તેની સામે પોતાનું રૂપ ફીકું લાગતું હતું ! આ જ કારણે તે વિદ્યાધરે પત્નીને પોતાની બનાવી રાખવા ઉપાય વિચાર્યો. એટલે કે મારી વિદ્યાધર સ્ત્રી આ યુવાન તરફ આકર્ષિત ન થાય તે માટે તેણે એક પ્રયોગ કર્યો. વિવિધ વનસ્પતિઓના ગુણધર્મોને જાણનાર તે વિદ્યાધરે જંગલમાંથી એક ઔષધિ શોધી લાવીને, તેને પાણીમાં ઘસી, રાજકુમારના કપાળમાં તિલક કર્યું...! તિલક થતાં જ તે રાજકુમાર મટી રાજકન્યા બની ગઈ !

જગતમાં રહેલી કોઈ પણ વનસ્પતિ નકામી નથી. દરેકમાં પોતાના સામાન્ય અને વિશેષ ગુણો હોય છે. કંઈક ને કંઈક વિશિષ્ટ સામર્થ્ય - પ્રભાવ હોય છે ! એને ઓળખનાર અને યોગ્ય પ્રયોગનો જાણકાર માનવ જરૂરી હોય છે. પ્રયોગ કરવાની વિધિ ન જાણતો હોય, તેના પ્રભાવની ખબર ન હોય તો તે વનસ્પતિ ગમે તેટલી શક્તિ ધરાવતી હોય તોય શું કામની ?

આ વિદ્યાધર ઘણી વનસ્પતિઓનો જાણકાર હોવાથી તેણે એવી વનસ્પતિ શોધી કાઢી કે - જેને ઘસી તેનું તિલક જેના કપાળે કરે તે પુરુષ રૂપે હોય તો સ્ત્રીરૂપે પરિવર્તન થઈ જાય. મતલબ, પુરુષનું લિંગ પરિવર્તન થઈ જાય અને તે કન્યા - સ્ત્રી બની જાય !

વનસ્પતિની જેમ મંત્ર અને મણિ(રત્નો)માંય અચિંત્ય સામર્થ્ય હોય છે! માટે જ કહેવાયું છે કે - 'मणि - मंत्र - मौषधीनां अचिन्त्यसामर्थ्यम्।' એટલે કે - પ્રત્યેક મણિ, દરેકમંત્રો અને જગતમાં રહેલી વનસ્પતિઓમાં પોત-પોતાનું આગવું સામર્થ્ય હોય છે. ત્રણમાંથી એક પણ ચીજ પ્રભાવવિહોણી નથી. યોગ્યતા (પુણ્ય), જાણકારી અને ઉપયોગ કરવાની પદ્ધતિનો ખ્યાલ હોવો જોઈએ. એ વગર તેનો પ્રભાવ ન અનુભવાય; એ સહજ - સ્વાભાવિક છે.



થોડીવારમાં ત્યાંથી વિદ્યાધરની પત્ની પસાર થઈ. તેની નજર આ રાજકન્યા પર પડી. તેણીનાં યૌવન, રૂપ, લાવણ્ય વગેરે જોઈ વિદ્યાધરીને વિચાર આવ્યો : પાછાં વળતાં જો મારા પતિ - વિદ્યાધરની નજર આ અપ્સરા જેવી રૂપવતી યૌવના પર પડી ને એના પર મોહિત થશે તો તેણી પર અનુરાગી - સ્નેહવાળો થશે... પછી મને છોડી દેશે ! **માણસ માત્રમાં કેવી સ્વાર્થવૃત્તિ હોય છે ? હું અને મારું : આ બે મોહરાજાના આપેલા મંત્રો જીવોને 'અંધ' બનાવે છે.** જ્યારે ધર્મરાજાના આપેલા બે મંત્રો છે : હું કોણ - મારું કોણ ? આ બે મંત્રો તમને એક નવી દૃષ્ટિ આપે છે. અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય છે. મોહરાજાએ બિછાવેલી માયાજાળમાં પોતાનો જ જીવ ફસાય છે ! પરંતુ અંધાપો આવવાના કારણે આ વાતને એ જીવ જોઈ - વિચારી નથી શકતો.

વિદ્યાધર પણ પોતાની સ્વાર્થ - લીલાના યોગે રાજકુમારને રાજકુમારી બનાવીને ચાલ્યો ગયો. એ રાજકુમારના ભવિષ્યનો લેશમાત્ર વિચાર સ્વાર્થી વિદ્યાધરને ન આવ્યો ! તે જ રીતે વિદ્યાધરની પત્નીને પણ જે વિચાર આવ્યો... તેવું અજુગતું કાંઈ ન બને તે માટે વિદ્યાધર - પત્નીએ બાજુમાં તપાસ કરતાં એવી વનસ્પતિ (જડીબુટ્ટી) શોધીને એ પાણીમાં ઘસી સૂતેલી રાજકુમારીના કપાળે તિલક કરી દીધું. તિલક લાગતાં જ તે રાજકુમારી મટી ફરી રાજકુમાર બની ગયો ! મતલબ કુમાર હવે મૂળસ્વરૂપમાં આવી ગયો ! પોતાનું કાર્ય પૂરું કરી હાશકારો મેળવીને વિદ્યાધરી પોતાના માર્ગે આગળ ચાલી ગઈ.

**જગત આખું જાતની ચિંતામાં પડ્યું છે.** પરંતુ બધાને ક્યાં ખબર છે, બીજાને અનર્થમાં પાડવા કરેલી કાર્યવાહી ક્યારેક પોતાના જ અનર્થ માટે અને સામા માનવના લાભ માટે થાય છે. કારણ, પોતાના પાપનો ઉદય હોય ને સામા માણસનો પુણ્યોદય હોય તો પરિણામ તમારું ધાર્યું હોય તેના કરતાં વિપરીત આવે છે. કારણ, દૈવ - ભાગ્ય તેના પક્ષમાં છે. તમારું નશીબ બે ડગલાં આગળ હોય ત્યારે તમારે જ નુકશાન વેઠવું પડે છે ! પોતાનું ધાર્યું પરિણામ પુણ્યવાનને જ પ્રાપ્ત થાય છે. ત્યારે જ તો કહેવત પડી કે, **'ન જાણ્યું જાનકી - નાથે, સવારે શું થવાનું છે ?'** (જાનકીનાથ એટલે રામચન્દ્રજી) વશિષ્ઠ જેવા જ્યોતિષાચાર્યના આપેલા મુહૂર્ત સમયે રામચન્દ્રજીનો રાજ્યાભિષેક થવાનો હતો, તેની જગ્યાએ એ જ મુહૂર્તે રામચન્દ્રજીએ વનવાસ સ્વીકાર્યો ! અર્થાત્ તેમને વનવાસ જવાનું થયું. રાજપાટ ભોગવવાની વાત ક્યાં ઊડી ગઈ ને વનનાં કષ્ટો વેઠવાની પીડા લમણે ઝિંકાઈ ! ૫

- વાંચનમિત્ર

[વિવિધ પ્રકારનાં વાંચનનું વિપુલ સાહિત્ય રોજ પ્રકાશિત થાય છે - થયા કરે છે. કેટલાંક લખાણો પાપની પ્રરણા કરનારાં, કેટલાંક ધર્મની શ્રદ્ધાને હચમચાવી દેનારાં, કેટલાંક રાગ-દ્વેષાદિ અથવા ક્રોધાદિ કષાયોને પુષ્ટ કરનારાં. કેટલાંક ઈન્દ્રયો અને મનને બહેકાવનારાં, કેયલાંક ખાન-પાનાદિ દ્વારા શરીર ને રોગનું ઘર બનાવવા તરફ દોરવી જનારાં, કેટલાંક આહાર-ભય-મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાઓને પરિપુષ્ટ કરી સંક્લિષ્ટ કર્મનો બંધ કરાવનારાં, કેટલાંક હિંસાદિ પાપોની પ્રેરણા કરનારાં, કેટલાંક જીવનને છિન્ન-ભિન્ન કરી દેનારાં તો કેટલાંક ગુણોના વિનાશ સાથે આત્માને દોષોનો ભંડાર બનાવનારાં, કેટલાંક લખાણો ક્લેશ-સંક્લેશ પેદા કરાવનારાં તો કેટલાંક રડાવી-હસાવી મોહને પુષ્ટ બનાવનારાં, કેટલાંક માયા-દંભ-પ્રપંચ વગેરેને પેદા કરાવી તિર્યંચાદિ ભવોમાં ધકેલી દેનારાં, કેટલાંક ચોંકાવનારાં તો કેટલાંક આ કાળમાંય આશ્ચર્ય ઉપજાવનારાં, કેટલાંક કલિકાલના વરવાં સ્વરૂપને દર્શાવનારાં હોય છે...

બીજી તરફ જૈનધર્મનાં શાસ્ત્રોની વાતો વિચારીએ તો તેમાંનાં કેટલાંક લખાણો ધર્મ-પુણ્યની પ્રેરણા કરનારાં, કેટલાંક ધર્મની શ્રદ્ધાને ઉજાગર કરવા સાથે તે જ શ્રદ્ધાને દઢ બનાવનારાં... કેટલાંક રાગ-દ્વેષથી લઈ ક્રોધાદિ કષાયો પર નિયંત્રણ લાવવા પૂર્વક કષાયોની હાનિ કરાવવામાં સાધક , કેટલાંક ઈન્દ્રિયો અને મનના ઘોડાપૂરને અટકાવવા દ્વારા દુર્ગતિ તથા દુષ્કર્મોથી બચાવનારાં, કેટલાંક મુખ્ય આત્માના આરોગ્યની સાથે જોડાયેલા શરીરના આરોગ્યની પણ ચિંતા કરનારાં, કેટલાંક લખાણો ભક્ષ્યાભક્ષ્યના વિવેકને શિખવનારાં, કેટલાંક આહારાદિ સંજ્ઞાઓની હાનિ કરનારાં , કેટલાંક લખાણો ભોગની વિપુલ સામગ્રી વચ્ચે પણ ત્યાગ-યોગ ને આધ્યાત્મ તરફ વાળવા દ્વારા અનાસક્ત યોગી બનવાની પ્રક્રિયામાં પ્રગતિ કરાવનારાં, કેટલાંક હિંસાદિ ૧૮ પાપોનાં દારુણ વિપાક દર્શાવી તેનાથી બચવાના ઉપાયોનો નિર્દેશ કરનારાં, કેટલાંક લખાણો દોષોના નાશ કરવા પૂર્વક આત્માને સદ્‌ગુણોનો ભંડાર બનવાનો માર્ગ ચિંધનારાં, કેટલાંક દુઃખ સંઘર્ષના અરુચિકર વાતાવરણમાંય સમાધિ અખંડ બનાવવાની ચાવીઓ બતાવનારાં, કેટલાંક અનિત્યાદિ ૧૨ ભાવનાઓનાં તથા મૈત્ર્યાદિ ૪ ભાવનાઓનાં માધ્યમથી અશુભ નિમિત્તોને નિષ્ફળ બનાવી, શુભ નિમિત્તોને ઉજાગર કરવા પૂર્વક કેવળજ્ઞાન સુધી પહોંચાડનારાં. તો વળી કેટલાંક નિર્મોહી બનાવનારાં, કેટલાંક ક્ષમાના પાઠ શિખવનારાં તો કેટલાંક સદ્‌ગતિ ને મુક્તિ તરફ આગેકૂચ કરાવનારાં, કેટલાંક આભાસી સુખ-વૈભવને દુઃખ-દુર્ગતિ સાધન તરીકે ગણાવનારાં તથા સંસારના વરવા અને વાસ્તવિક સ્વરૂપને જણાવનારાં.... એમ વિવિધ ગ્રંથોમાં લખાણો પ્રાપ્ત થાય છે.

આ વિભાગમાં જગતની વિવિધ ઘટનાઓ (પ્રસંગો) નાં લખાણો આવતાં હોય છે. તેને હંસચંચુ ન્યાયથી વાંચશો તો જરૂર લાભ થશે. - સંપાદક ]

**કિશોરી સરકારી સ્કૂલમાં ભણે છે. કર્ણાટકમાં માતા બનતા ચકચાર**

કર્ણાટકમાં સરકારી રેસિડેન્સિયલ સ્કૂલની નવમા ધોરણમાં ભણતી સ્ટુડન્ટે બાળકને જન્મ આપ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે આ કેસમાં ભારતીય દંડસંહિતા અને પોક્સો હેઠળ કેસ નોંધ્યો છે.

કિશોરી સગીર છોકરા દ્વારા સગર્ભા થઈ : પોલીસે પોક્સો હેઠળ કેસ નોંધ્યો

કર્ણાટકમાં ૧૪ વર્ષની સગીર ટિમકુરુ જિલ્લાની સરકારી રેસિડેન્સિયલ સ્કૂલની હોસ્ટેલમાં રહેતી હતી.આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે તે ચિક્કબલ્લાપુર જિલ્લામાં આવેલા તેના ઘર બાગાપલ્લી ખાતે ગઈ અને તેણે પેટમાં દુઃખાવાની ફરિયાદ કરી.

તેના માબાપ તેને હોસ્પિટલમાં લઈ ગયાં અને ડોક્ટરોએ તેની ચકાસણી કર્યા પછી જણાવ્યું કે તે પ્રેગનન્ટ છે. પછી સગીરાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી અને તેની બધી તબીબી કાર્યવાહી પછી સગીરાએ ૯મી જાન્યુઆરીના રોજ સંતાનને જન્મ આપ્યો. કિશોરી પોતે અંડરવેઈટ છે, પણ તે અને બાળક બંનેની તબિયત સ્થિર છે.એમ સીનિયર પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

હોસ્પિટલના સત્તાવાળાઓએ ભારતીય દંડસંહિતાની જોગવાઈ ૩૭૬(બળાત્કાર) હેઠળ નોંધાયેલા આ કેસ અંગે પોલીસને જણાવ્યું હતું.આ ઉપરાંત આ કેસમાં પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન અગેઈન્સ્ટ સેક્સ્યુઅલ ઓફેનસીસ એક્ટ પણ લાગુ પડી શકે છે, એમ તેમણે જણાવ્યું હતું.

કિશોરીનું કાઉન્સેલિંગ ચાઈલ્ડ વેલફેર કમિટી કરી રહી છે.

-ગુજ.સમા.તા.૧૨-૧-૨૪

**૧૦ મહિનાની બાળકીના પેટમાંથી જોડિયા બાળકો નીકળ્યા**

પાકિસ્તાનના સાકિદાબાદમાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો હતો. અહીયા ૧૦ મહિનાની બાળકીના પેટમાં સતત દુખાવો રહેતો હતો. બાળકીના માતા પિતા દ્વારા આ વિશે ડોક્ટર્સને બતાવવામાં આવતું હતું પણ કોઈ નિરાકરણ આવતું નહોતું. આ દરમિયાન બાળકીના માતાપિતાએ વિશેષ ડોક્ટરને બતાવ્યું. ડોક્ટરને પ્રાથમિક ધોરણે એવું લાગ્યું કે, બાળકીના પેટમાં ગાંઠ હશે અને તેનું ઓપરેશન કરવું જોઈએ. બાળકીનું જ્યારે ઓપરેશન કરવામાં આવ્યું તો ડોક્ટર્સ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. બાળકીના પેટમાં બે અલ્પવિકસિત જોડિયા ગર્ભ મળ્યા હતા. ડોક્ટર્સે જણાવ્યું કે, પાંચ લાખ કેસમાં એકાદ કેસ આવો જોવા મળતો હોય છે.

ડૉક્ટર્સે સફળતાપૂર્વક ઓપરેશન કરીને આ ગર્ભ બહાર કાઢી લીધા હતા અને બાળકીનો જીવ બચાવ્યો હતો. - ગુજ. સમાચાર

**ફૂડ એન્ડ સેફ્ટી વિભાગની તપાસમાં ચોંકાવનારો ખુલાસો**

**કર્ણાટકમાં પાણીપુરીમાંથી કેન્સરનું કેમિકલ મળી આવ્યું**

દેશભરમાં પ્રખ્યાત પાણીપુરીને લઈને કર્ણાટકમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. રાજયના ફૂડ સેફ્ટી અધિકારીઓએ પાણીપુરીનાં સેંપલ એકઠા કર્યા હતા જેમાંથી કેન્સર થાય તેવાં કેમિકલ મળી આવ્યાં છે. જ્યારે ૨૨ ટકા સેંપલ ફૂડ સેફ્ટીના ધારાધોરણોમાં નિષ્ફળ નિવડ્યાં છે.

**૨૬૦માંથી ૪૧ સેમ્પલમાં કાર્સિનોજેનિક અને રોડામાઈન-બી કેમિકલ મળતા તંત્ર દોડતું થયું**

બજારમાં મળતી પાણીપુરીનાં કુલ ૨૬૦ સેંપલ એકઠાં કરવામાં આવ્યાં હતાં, જેમાં ૪૧ સેમ્પલમાં બનાવટી કલર અને કાર્સિનોજેનિક એજેન્ટ્સ મળી આવ્યા હતા, જ્યારે ૧૮ સેમ્પલ માનવ શરીરને માટે હાનિકારક નિકળ્યાં હતાં. ફૂડ એન્ડ સેફ્ટી કમિશનર શ્રીનિવાસ કે.એ જણાવ્યું હતું કે અમને પાણીપુરીને લઈને અનેક ફરિયાદો મળી હતી, જે બાદ અમે સેંપલ એકઠાં કર્યાં હતાં. સમગ્ર રાજ્યમાંથી રોડ પર તેમજ રેસ્ટોરન્ટમાં મળતી પાણીપુરીના આ સેમ્પલની બાદમાં લેબમાં તપાસ કરવામાં આવી હતી.

સેમ્પલમાંથી બે જોખમકારક પદાર્થ મળ્યા હતા, જેમાં એક છે કાર્સિનોજેનિક જેને કારણે કેન્સર થવાની શક્યતાઓ રહે છે.

જ્યારે બીજો પદાર્થ છે આર્ટિફિશિયલ કલર, જેને રોડામાઈન-બી તરીકે પણ ઓળખવામાં આવે છે, જેનો ઉપયોગ મંચૂરિયન અને કોટન કેન્ડીમાં પણ થતો હોય છે. હવે તેનો ઉપયોગ પાણીપુરીમાં પણ થવા લાગ્યો છે, આ કેમિકલ બ્રિલિયંટ બ્લૂ અથવા સનસેટ યેલો કલરનું પણ હોય છે. આ તમામ કેમિકલ સ્વાસ્થ્ય માટે ખુબ જ જોખમકારક માનવામાં આવે છે. અગાઉ કર્ણાટકમાં કોટન કેન્ડીમાં આ કેમિકલ મળી આવતાં તેના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

**' મૈં અંજાર મે થી, ભૂકંપ મે મેરી મૌત હુઈ થી '**

**પાલનપુરના ખાસ ગામની પાંચ વર્ષની અભણ દક્ષા પુનર્જન્મની વાતો કરે છે.**

પાલનપુર તાલુકાના ખસા ગામે ગરીબ શ્રમિક પરિવારની એક બાળકી સ્કૂલે ગયા વગર જ હિન્દીમાં વાતો કરતી હોવાથી પરિવાર સહિત ગ્રામજનો પણ અચંબામાં મુકાયા છે. અભણ પરિવારના ઘરની ટીવી, સ્માર્ટફોન જેવી કોઈ સુવિધાઓ નથી તેમજ શાળાના પગથિયાં હજુ ચડી નથી, તેવી નાની દીકરી દક્ષા ફટાફટ હિન્દીમાં વાતો કરે છે. તેનું કહેવું છે કે,આ તેનો પુનર્જન્મ છે. આ પહેલાં તે કચ્છના અંજારમાં હતી, જ્યાં ૨૦૧૧ માં ભૂકંપ આવ્યો હતો. જેમાં મકાનના



ધાબાનો સ્લેબ તેના પર પડતાં તે મરણ પામી હોવાનું પણ જણાવી રહી છે.

**પુનર્જન્મ થયો હોય તેવું રટણ કરે : પિતા**

ખસા ગામના જેમલજી ઠાકોરે જણાવ્યું હતું કે મારી ચાર વર્ષની દીકરી દક્ષા અમારી સાથે હિન્દીમાં વાત કરતી જેથી અમને અલગ લાગતું પણ તે પુનર્જન્મ હોવાનું અને તે અંજારમાં હતી જ્યાં ભૂકંપ દરમિયાન તેનું મોત થયું હતું તેવું રટણ કરતી. જેથી અમે તેની વાતને સાચી માની, અમે પણ અચંબામાં મુકાઈ ગયા છીએ.

ભારતભરમાં હાથ વણાટની ચાદરો, પછેડીયો અને રૂમાલના કારણે પ્રખ્યાત પાલનપુર તાલુકાનું ખસા ગામ હવે ચાર વર્ષની બાળકી તેના પુનર્જન્મની વાતો હિન્દીમાં કરતાં ગામ ફરીથી પ્રખ્યાત બન્યું . ખસા ગામે વાલજીભાઈ પટેલના ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતા ગામના જેતાજી ઠાકોરને સંતાનમાં એક દીકરો અને બે દીકરીઓ છે. જેમાં સૌથી નાની ચાર વર્ષની દીકરી દક્ષા બોલતાં શીખી ત્યારથી હિન્દીમાં વાતો કરે છે. તેને કંઈ પણ જોઈએ તો જેમકે પાણી જોઈએ તો ' મા મુઝે પાની દે. જોકે તેની માતા ગીતાબેન અભણ હોઈ તેઓને દીકરીની વાતોમાં કંઈ ગતાગમ પડતી નઈ. જોકે અભણ પરિવારની અને શાળામાં પગ મૂક્યા વગર ચાર વર્ષની દીકરી હિન્દી બોલવા લાગતાં સૌ અચંબામાં મુકાયા છે. આ પરિવારમાં કોઈપણ પ્રકારના ટીવી, સિનેમા કે સોશિયલ મીડિયાના માધ્યમ જોયા વગર પણ તેમ જ આજુબાજુ કોઈ પ્રકારનો હિન્દીનો માહોલ ન હોવા છતાં દક્ષા હિન્દી બોલવા લાગતાં ગ્રામજનો અચરજમાં મુકાયા છે. આ બાળકી પૂછપરછ કરતાં ભગવાને તેણીને અહીં મોકલી છે,અને તેના માતા પિતા સાથે અંજારમાં હતી જ્યાં ભૂકંપ વખતે ધાબૂ પડતાં તે મરી ગઈ હોવાનું પણ રટણ કરે છે. પુનર્જનમની વાતોથી તેમજ ફાંકડું હિન્દી બોલતી દક્ષા અંગ્રેજી માધ્યમમાં ભણી સૈન્યમાં જોડાઈ દુશ્મનોને નાની યાદ કરાવી દેવાના સપના જોઈ રહી છે.

**મેરે પિતા કેક બનાતે થે : દક્ષા**

ખસા ગામની ચાર વર્ષની કિશોરી દક્ષા હિન્દીમાં વાતો કરતાં જણાવે છે કે મૈં અંજાર કી હૂં. મેરે પિતા કેક બનાને કા કામ કરતે થે. મેરે માતા પિતા ઔર એક એક ભાઈ બહન થે. મુઝે બહન કી યાદ આ રહી હૈ. જહાં ભૂકંપ મેં મેરી મોત હુઈ થી, મુઝે યહાં ભગવાનને ભેજા હૈ. આ દીકરીની માતાએ જણાવ્યું હતું કે તે 'મુઝે પાની દો, મેરા બિસ્તર કહા હૈ ?' જેવી વાતો કરતાં હું અભણ હોવાથી મને કંઈ ખબર પડતી જ નથી.

**મજૂર પરિવારની દીકરી અભણ છે પણ ફટાફટ હિન્દીમાં વાત કરતી હોવાનું અચરજ** - ગુજરાત સમાચાર તા. ૨૩-૬-૨૪

## વેપિંગ પૉડ તરુણ-યુવાધનને બરબાદ કરી રહ્યું છે.
## 'દમ મારો દમ' નું ખૂબસુરત (?) સ્વરૂપ

છેલ્લા કેટલાંક સમયથી શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને યુવાનો વેપિંગની લતે ચડી રહ્યાં છે. આટલું વાંચ્યા પછી તમને સહેજ પ્રશ્ન થશે કે વેપિંગ વળી કઈ બલાનું નામ છે.

વાસ્તવમાં સુંદર પેન પછી પરફ્યુમની નાનકડી શીશી જેવી દેખાતી વેપિંગ ખરેખર તો એક પ્રકારની ઈ-સિગારેટ હોય છે. પોતાના બાળકની સ્કૂલ બેગમાં આ ઉત્પાદન જોનારા માતાપિતાને પણ ખબર નથી પડતી કે તેમનું સંતાન ઈ-સિગારેટનું બંધાણી બની રહ્યું છે. આ ડિવાઈસને વેપ અથવા પોડ પણ કહેવાય છે. શાળામાં ભણતો વિદ્યાર્થી હોય કે યુવાન, તે જ્યારે વેપનો કશ લે છે, એટલે કે તે સિગારેટની જેમ પીએ છે ત્યારે તેમાંથી સિગરેટ જેવો જ ધુમાડો નીકળે છે. આમ,છતાં વેપ અથવા પોડ સિગારેટ નથી અને સ્વાસ્થ્ય પર તેની અસર સિગારેટ કરતાં અનેકગણી વધારે છે.

તાજેતરમાં અમેરિકામાં આવેલા એક કેસે તબીબીને પણ ચોંકાવી દીધાં હતાં. આ કેસમાં માત્ર ૧૯ વર્ષના એક યુવકના ફેફસાં ત્રીસ વર્ષથી સિગારેટ પીતી વ્યક્તિ જેટલાં ખરાબ થઈ ગયાં હતાં. આ યુવક માત્ર ૧૩ વર્ષનો હતો ત્યારથી વેપિંગ કરતો હતો. તે દરરોજ લગભગ એક પૉડ પી લેતો હતો. ચિંતાજનક વાત એ છે કે આપણા દેશમાં પણ દિલ્હી જેવા મહાનગરોમાં તરુણો અને યુવાનોમાં આ બદી ઝપાટાભેર ફેલાઈ રહી છે. પાનની દુકાનો પર વેપિંગ પ્રોડક્ટ સહેલાઈથી મળી રહે છે.

એવું નથી કે શિક્ષકો તેમના વિદ્યાર્થીઓની લતથી અજાણ છે. તેઓ કહે છે કે વિદ્યાર્થીઓની સ્કૂલ બેગમાંથી વેપિંગ પૉડ ડિવાઈસ મળવું નવી વાત નથી. જેવી રીતે એક સમયમાં તરુણો સ્ટાઈલિશ દેખાવા સ્મોકિંગ કરતાં હતાં તેવી રીતે હવે વેપિંગ કરે છે. આ ડિવાઈસ વેંચનારા દુકાનદારોનો માત્ર પોતાના નફાથી મતલબ છે. તેમને ખરીદદારની વયથી કોઈ લેવાદેવા નથી અને કાયદાને તો તેમણે વેપિંગના ધુમાડા સાથે હવામાં ઉડાડી દીધો છે. પાનની દુકાન પર આ પ્રોડક્ટ એકદમ આસાનીથી મળી રહે છે. તેઓ એટલે સુધી કહે છે કે ચકાસણી કરવા અમે સ્વયં કેટલાંક દુકાનદારો પાસે વેપિંગ પૉડ માગ્યાં હતાં અને પળનોય વિલંબ કર્યા વિના તેમણે અમને એ ઉત્પાદન આપ્યું હતું.

વેપિંગ પૉડમાં ચોક્કસ સંખ્યામાં કશ હોય છે.જેમ કે ૧,૨૦૦, ૧,૮૦૦,



૫,૦૦૦ , ઈત્યાદિ અને તેની કિંમત ૯૦૦ રૂપિયાથી લઈને ૧,૫૦૦ રૂપિયા સુધીની હોય છે. તેના ઉપર અત્યંત ઝીણા અક્ષરોમાં તેમાં રહેલા રસાયણો વિશે લખેલું હોય છે.

કેટલાંક લોકો માને છે કે વેપિંગથી સ્વાસ્થ્યને કોઈ હાનિ નથી થતી,પરંતુ તબીબી નિષ્ણાતો કહે છે કે વેપિંગ પૉડ અત્યંત નુકસાનકારક હોય છે. વળી તેનું ઉત્પાદન તરુણ-યુવા વર્ગને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવે છે.

તેમાં ફ્લેવર્ડ નિકોટિન હોવાથી યુવા વર્ગ તેના તરફ ઝડપથી આકર્ષાઈ રહ્યો છે, પરંતુ વેપિંગ પૉડમાં માત્ર નિકોટિન જ નથી હોતું. તેમાં પ્રોપાઈલિન ગ્લાઈકૉલ જેવા અન્ય હાનિકારક તત્ત્વો પણ હોય છે, જે ફેફસાંને નુકસાન પહોંચાડે છે. તેનાથી ફેફસાં સંકોચાઈ જવાની ભીતિ રહે છે. તદુપરાંત તેની તાત્કાલિક અસરરૂપે ખાંસી, ડાયરિયા, શ્વાસ ચડવો, છાતી દુઃખવી, ઊલટી થવી જેવી સમસ્યાઓ સર્જાય છે.

અલગ અલગ પૉડમાં નિકોટિનનું પ્રમાણ પણ જુદું જુદું હોય છે. એમ માનવામાં આવે છે કે જો વેપ અથવા પૉડમાં ૧૮૦૦ કશ હોય તો તેની અસર સાતથી આઠ પેકેટ સિગારેટ જેટલી હોય છે. તબીબી પાસે સંખ્યાબંધ યુવાનો સ્વાસ્થ્ય વિષયક સમસ્યાઓ લઈને પહોંચે છે ત્યારે ઈલાજ દરમિયાન જાણ થાય છે કે તેઓ વેપિંગના બંધાણી છે.

કાનુની રીતે પણ ઈ-સિગારેટના વેચાણ પર પ્રતિબંધ છે. કાયદાના નિષ્ણાતો કહે છે કે જો વેપ નિકોટિન હોય અને વેપિંગ કરનારના મોઢામાંથી ધુમાડો નીકળતો હોય તો જાહેર સ્થળે તમે તે ન ફૂંકી શકો પછી ભલે તે ઈલેક્ટ્રિક સ્વરૂપે હોય કે અન્ય કોઈ. સાથે સાથે 'ધ પ્રોહિબિશન ઑફ ઈલેક્ટ્રોનિક સિગારેટ્સ એક્ટ - ૨૦૧૯' હેઠળ કોઈપણ પ્રકારની ઈ-સિગારેટનું ઉત્પાદન પ્રતિબંધિત છે.

**-ગુજરાત સમાચાર તા. ૨૩-૫-૨૩**

## ★ આત્મવિજ્ઞાન ★★★

ગતાંકથી....

**- પંખૂબચંદ કેશવલાલ શાહ**

**જન્માંતરીય સંસ્કારોથી પુનર્જન્મની સાબિતી** જૈન દર્શન કહે છે કે -

सामान्येन तु सर्वेषां, स्तनवृत्यादि चिह्नितम्।

अभ्यासातिशयात्स्वप्न, वृत्तितुल्यं व्यवस्थितम्।।

સામાન્ય રીતે બધા જીવને ભવાંતર (જન્માંતર - પૂર્વ - ભવ) નું ભાન થવામાં બાધ નથી. જન્મ પામતાંના સમયથી જ બાળકની સ્તનપાનની પ્રવૃત્તિ, એ

જ એનું લિંગ છે. તેમાં કારણ અતિશયિત (વારંવારનો) અભ્યાસ છે. બાળક જન્મતાં જ દુગ્ધપાનાર્થે માતાના સ્તનમાં મુખ પ્રવેશાદિરૂપ ક્રિયા કરે છે. વળી, તેને મનોહર દડા આદિના દેખાવથી કુતૂહલ થાય છે. એથી જ એ જુદી જુદી ચેષ્ટાઓ કરે છે. ઈષ્ટ સાધનતાના જ્ઞાન વિના પ્રવૃત્તિ થાય જ નહિ. તે જ્ઞાનસ્વરૂપે તેને વર્તમાનમાં નથી, છતાં પૂર્વભવોનો પુનઃ પુનઃ તેનો અતિશયિત અભ્યાસ હોવાથી જ તેને સંસ્કાર પ્રગટ થાય છે. અને એથી જ એ પ્રવૃત્તિ કરે છે.

જેમ વિશિષ્ટ અભ્યાસના યોગે સ્વપ્નમાં દિવસાનુભૂત વનવિહાર યા દેવાલયવિહાર આદિ વિષયોનું સ્મરણ થાય છે, તેમ સ્તન્યપાનાદિ વ્યવહાર પણ પૂર્વાનુભૂત જ છે. પૂર્વભવ સંબંધી સંસ્કારથી જ છે.

**ન્યાયદર્શનની જન્માંતર યુક્તિ -**

ન્યાયદર્શનના તૃતીય આહ્નિકમાં મહર્ષિ ગૌતમે જન્માંતરને અંગે સાધક યુક્તિઓ આપી છે. તે સર્વ યુક્તિના સારસંગ્રહને બે રૂપે વિભક્ત કરી શકાય છે. (૧) સહજાત સંસ્કાર (૨) જન્મસિદ્ધ રાગ-દ્વેષ.

વિજ્ઞાનની ભાષામાં જેને Instinet કહે છે, અને જે જન્મ પામેલ બચ્ચાંઓમાં સ્પષ્ટરૂપથી દેખવામાં આવે છે. તે Instinet યા સહજાત સંસ્કારનું નિદાન એ જ છે કે,તુરતમાં જન્મ પામેલ બતકનું બચ્ચું પાણીમાં તરી શકે છે. વાંદરાનું બચ્ચું ઝાડની ડાળ પકડીને સ્વરક્ષા કરે છે. જન્મતાં વેંત જ એણે તે કળા ક્યાંથી શીખી ? એ પ્રશ્નનો પ્રત્યુત્તર એ જ છે કે તેનામાં Instinet ના સ્વભાવે જ તેને, એ કળા શીખવાની આવશ્યકતા જ હોતી નથી. તે તો તેનામાં સાંસિદ્ધિક અથવા સ્વયંસિદ્ધ હોય છે.

જો એ સાચું છે, તો તે સહજાત સંસ્કાર ક્યાંથી આવે છે ? ત્યાં ન્યાયદર્શનનું કહેવું એ છે કે આગલા જન્મના અનુભૂત વિષયના અભ્યાસથી ઉત્પન્ન દ્રઢબદ્ધ એ સંસ્કાર છે. ઉદાહરણને માટે ન્યાયદર્શનકારે તુરતમાં જન્મેલા બચ્ચાની દૂધ પીવાની ઈચ્છાનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે प्रेताभ्यास कृतात् स्तन्याभिलाषात्। न्यायसूत्र ૩-૧-૨૧. આ સૂત્રનું વાત્સ્યાયન ભાષ્ય નીચે મુજબ છે

जातमात्रस्य वत्सस्य प्रवृत्तिलिङ्गिः स्तन्याभिलाषो गृहते। स च नान्तरेण आहाराभ्यासम् न च पूर्वशरीरमन्तरेण असौ जातमात्रस्य उपपद्यते। तेन अनुमीयते भूतपूर्वं शरीरं यत्रानेन आहारोभ्यस्त इति.

અર્થાત્ - તુરતમાં જન્મેલા વાછરડામાં દૂધ પીવાની પ્રવૃત્તિ દેખાય છે. અભિલાષા વિના દૂધ પીવાની પ્રવૃત્તિ થતી નથી. આથી જ સમજાય છે કે જન્મ થતાં જ વાછરડાને દૂધ પીવાની ઈચ્છા રહે છે. જેણે વારંવાર દૂધ પીધું ન હોય તેને



એવી ઈચ્છા હોઈ શકતી નથી. તુરતમાં જન્મેલ બાળકે આ જન્મમાં આથી પહેલાં દૂધ પીધું નથી. એટલે સમજાય છે કે આગલા જન્મમાં તેણે દૂધ પીધું હતું. તે જૂના શરીરમાં દૂધ પીવાનો અભ્યાસ હતો, અને જે સંસ્કાર રૂપે સંચિત હતો, તે આ જન્મમાં તુરત જન્મેલા બચ્ચામાં પ્રવૃત્તિરૂપે પ્રકાશિત થાય છે.

ન્યાયદર્શનમાં બતાવેલી જન્માંતરની સાધક બીજી શ્રેણિની યુક્તિ આ પ્રમાણે છે. ન્યાયદર્શનનું કહેવું એ છે કે દરેક જીવમાં થોડા ઘણા જન્મ સિદ્ધ રાગ-દ્વેષ દેખાય જ છે. આ રાગ-દ્વેષનું મૂળ કારણ સદાના માટે અને સર્વ સ્થાને આ જન્મના જ કોઈ કાર્યથી ઉત્પન્ન થાય છે; એવું એકાંત નથી. વર્તમાન જન્મના કોઈ કાર્યના નિમિત્ત વિના પણ રાગ-દ્વેષની વૃત્તિઓ પ્રગટરૂપે વર્તતી હોવાનું ઘણા સ્થળે જોવામાં આવે છે. ત્યાં માનવું પડશે કે જ્યાં રાગ-દ્વેષ, આ જન્મના કોઈ કાર્યથી ઉત્પન્ન થયા ન હોય ત્યાં વર્તતા તે રાગ-દ્વેષ, જરૂર પૂર્વજન્મના સંસ્કારનું જ ફળ છે. આ જન્મગત રાગ-દ્વેષના સંબંધમાં ન્યાયદર્શનના તૃતીય આહ્નિકના પ્રથમ અધ્યાયમાં લખ્યું છે કે- वीतराग जन्मादर्शनात्- ૩-૧-૨૫ આની ઉપર વાત્સ્યાયન ભાષ્ય છે.

सरागो जायते अयं जायमानो, रागानुबद्धो जायते। रागस्य पूर्वानुभूतविषयानुचिन्तनं योनिः। पूर्वानुभवश्च विषयानां अन्यस्मिन् जन्मनि शरीरम् अन्तरेण नोपपद्यते। सोऽयं आत्मा पूर्वशरीरानुभूतान् विषयान् अनुस्मरन् तेषु तेषु रज्यते.

અર્થાત્ - જીવ, રાગ યુક્ત જ જન્મ લે છે. જીવમાં જન્મતાં જ રાગાનુબંધ દેખાય છે. રાગ યા આસક્તિની યોનિ પૂર્વાનુભૂત વિષયનું અનુચિંતન છે. આ વિષયનો પહેલેથી જ (જન્મથી જ) અનુભવ હોવો તે જન્માંતર ગ્રહણ કરેલ શરીર સિવાય ઉત્પન્ન ન થઈ શકે. આથી જ સમજવું જોઈએ કે રાગાનુબદ્ધ આત્મા, પૂર્વે જે શરીરમાં વિષયોનો અનુભવ કરી ચૂક્યો છે, તેના અનુસ્મરણથી જ તે આત્મા, રાગયુક્ત બની રહે છે. **(ક્રમશઃ)** ૫

## ★ પૂજ્યશ્રીનાં પાવનપગલે... વચને... ★★★

- સંકલિત

**મહોત્સવો :**

(૧) ચૈ.સુ.૧૪ તા.૨૨-૪-૨૪ સોમવારથી પાંચ દિવસનો જિનભક્તિ મહોત્સવ પૂજ્ય આ.ભ.**શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી** મ.ની નિશ્રામાં શ્રીસુમતિનાથ જિનાલયે ઉજવાયો. તેમાં ચૈ.સુ.૧૪ તા.૨૨-૪-૨૪ સોમવારે સવારે કુંભસ્થાપનાદિનું વિધાન થયું.

ચૈ.સુ.૧૫ મંગળવારે પાટલા પૂજનનું વિધાન કરાવાયું. વ.૧ (પ્રથમ) તા.૨૪-૪-૨૪ બુધવારે જિનાલયમાં શક્રસ્તવ અભિષેક કરાવાયા.

વ.દ્વિતીય ૧ ગુરુવારે શ્રીસિદ્ધચક્ર પૂજન ભણાવાયું. વ.૨ શુક્રવારે લઘુશાંતિસ્નાત્ર પૂજન થયેલ. છેલ્લા બંને દિવસ આમંત્રિતોનું સાધર્મિક વાત્સલ્ય કરાવાયું હતું. આ મહોત્સવ **અ.સૌ. હંસાબેન વસંતલાલ છોટાલાલના** આત્મશ્રેયાર્થે તેમના પરિવાર તરફથી કરાવાયો હતો. આ પરિવારના દીકરા - દીકરી અમેરિકા વસે છે. આખો પરિવાર ઉપસ્થિત હતો.

(૨) ચૈ.વ. ૪ તા. ૨૮-૪-૨૪ રવિવારથી; **પૂ.મુનિરાજશ્રી કીર્તિશેખર વિ.મ.**ના બોરસદ મુકામે થયેલ સમાધિપૂર્ણ સ્વર્ગવાસ નિમિત્તે ત્રણ દિવસનો મહોત્સવ કાશીપુરા - આદિનાથ જિનાલયે ઉજવાયો. કાળધર્મની ઊપજ તથા તે પ્રસંગે મહોત્સવ માટે થયેલ ટીપમાંથી આ પ્રસંગ ઉજવાયો હતો. (મુનિવર શ્રી; પૂ.ગચ્છસ્થવિર આ.ભ. વિજય લલિતશેખર સૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્ય પૂ.આ.શ્રી હર્ષશેખરસૂરીશ્વરજી મ.ના પ્રથમ શિષ્ય હતા.) પ્રથમ દિવસે શ્રી ઋષિમંડલ પૂજન ભણાવાયું. ત્યારબાદ સંઘ - સાધર્મિક વાત્સલ્ય થયેલ. બીજે દિવસે ચૈ.વ.૫ તા.૨૯-૪-૨૪ સોમવારે (આજે **તિથિપ્રમાણે** પૂ.આ.ભ. વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાનો જન્મ દિવસ અને **તારીખ પ્રમાણે** દીક્ષા દિવસ હતો... કેવો યોગાનુયોગ ?) ૪૫ આગમની પૂજા ભણાવાઈ. ત્રીજા દિવસે - ચૈ.વ.૬+૭ તા.૩૦-૪-૨૪ મંગળવારે ૧૭ ભેદી પૂજા ભણાવાઈ હતી.

**આસોદર જિનાલયના સાલગીરા :** આસોદર ગામે અભય - મોક્ષ વિહારધામના મુખ્ય લાભાર્થી વીરેન્દ્રભાઈ ગાંધી પરિવારના અતિઆગ્રહથી ત્યાંના મુનિસુવ્રત - સ્વામી - જિનાલયના વર્ષગાંઠ પ્રસંગે પૂજ્ય ગુરુદેવ પધાર્યા. ચૈ.વ.૮ તા. ૧-૫-૨૪ બુધવારે જિનાલયમાં ૧૮ અભિષેકનું મંગલ વિધાન થયું. વિધિવિધાન માટે વડોદરાવાળા અનિલભાઈ કનુભાઈ શાહ પધારેલ.

ચૈ.વ. ૯ તા. ૨-૫-૨૪ ગુરુવારે જિનાલયમાં ૧૭ ભેદી પૂજા ભણાવાઈ. ૯મી ધ્વજપૂજા થયા બાદ ધ્વજારોહણનો પ્રસંગ થયો. ૐ પુણ્યાહં... ૐ શાંતિકરા ભવંતુ... વગેરે મંગલનાદ સાથે નૂતન ધ્વજા ફરકાવાઈ. ત્યારબાદ પૂ.ગુરુદેવનું **'ધ્વજારોહણ : એક પર્વ'** વિષયક માર્મિક પ્રવચન થયું. (ગતવર્ષે પણ અહીં ધ્વજારોપણ પૂ.ગુરુદેવની નિશ્રામાં જ થયેલ.) પ્રવચનમાં શિલ્પશાસ્ત્ર - વિધિગ્રંથના સમન્વથી પર્વનો મહિમા ગાયો હતો.

હવેના અંકમાં બોરસદમાં થયેલ ૧૫૧ ઐતિહાસીક વર્ષીતપનો તથા અવિસ્મરણીય મહોત્સવનો અહેવાલ રજૂ થશે. **(ક્રમશઃ)** ૫



## ખુલાસો

બોરસદમાં થયેલા સમૂહ વર્ષીતપની પૂર્ણાહુતિની પત્રિકામાં 'અક્ષયતૃતીયા એક વિશિષ્ટ દિવસ' તરીકે જૈન - અજૈન માન્યતાની કેટલીક વિગત છપાઈ હતી. આનાથી કોઈ કોઈને અજુગતું લાગ્યું. પરંતુ આપણે ત્યાં પ્રવચનાદિમાં જૈમ - અજૈનની ઘણી વાતો કરાતી હોય છે જ. આગળ વધીને યોગશાસ્ત્રાદિમાં પણ અજૈનના ગ્રંથાદિની ઘણી વાતો લીધી જ છે. આમાં ક્યાંય જૈનધર્મની અવહેલનાકે મિથ્યાત્વનું પોષણ ગણાતું નથી. તેની સહુએ નોંધ લેવી.

એ જ ન્યાયે આ પત્રિકામાં વિગતો છપાઈ હતી. જૈન - અજૈનની વિગતો સ્વયં સ્પષ્ટ છે.

પૂ. ગચ્છાધિપતિશ્રીજી તરફથી સૂચના આવવાથી આટલો ખુલાસો કરેલ છે.

**-વિજયભવ્યદર્શનસૂરિ.**

## પૂજ્યોનું ચાતુર્માસ વડોદરામાં....

પૂજ્યપાદ અખંડબાલ બ્રહ્મચારી, ધર્મતીર્થપ્રભાવક, સિદ્ધાંતસંરક્ષક આ.ભ.**શ્રીમદ્ વિજયમિત્રાનંદ સૂરીશ્વરજી મહારાજાના** પટ્ટધર આગમ-શિલ્પ-વિધિવિધાનવિશારદ, વિશદ વ્યાખ્યાનકાર પૂજ્યપાદ આ.ભ. **શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા** આદિ ઠા.૨ તથા પૂ. પ્રવર્તિની સા. **ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૪** પ્રથમવાર વડોદરામાં ચાતુર્માસ કરી રહ્યા છે. તેઓશ્રીનો ચાતુર્માસ પ્રવેશ **વિ.સં.૨૦૮૦, અષાઢ સુ.૯ તા.૧૫-૭-૨૦૨૪ સોમવારે** મંગલમુહૂર્તે થયો છે.

**ચાતુર્માસ સ્થળ :** શ્રીમતી સુંદરદેવી મુલતાનમલજી કોઠારી આરાધના ભવન, ૧૨૨, દુધેશ્વરનગર સોસાયટી, મહાવીરસ્વામી જિનાલયની બાજુમાં, આજવારોડ, વડોદરા - ૩૯૦૦૧૯

**સંપર્ક : મહાવીરભાઈ : ૯૯૯૮૦૩૬૩૧૫,**

**મુકેશભાઈ : ૯૮૯૮૦૨૧૯૬૫, માણસ : ૯૪૨૯૦૨૨૦૨૨**

નોંધ : હાલોલવાળા કોઠારી પરિવારે સ્વદ્રવ્યથી આ આરાધના ભવનનું નિર્માણ કર્યું છે. **ચોમાસામાં રસોડું ચાલું છે.** ગુરુવંદનાર્થે પધારનાર ભાગ્યશાળીઓને અગાઉથી જાણ કરવા નમ્ર વિનંતિ છે.

**રોજ સવારે ૭-૦૦ થી ૮-૦૦ પ્રવચન થશે. પ્રવચન બાદ, પ્રવચનમાં આવનાર સૌની નવકારશીથી ભક્તિ કરવામાં આવશે.** (પર્યુષણ સુધી) દર રવિવારે જાહેર પ્રવચનાદિ થશે.

## ક્રૂર કોણ ?

**सर्पः क्रूरः खलः क्रूरः, सर्पात्क्रूरतरः खलः ।**

**मन्त्रेण शाम्यते सर्पः, खलः केन न शाम्यते ।।**

સાપ ક્રૂર છે, દુર્જન ક્રૂર છે. બંને ક્રૂર હોવા છતાં, બંનેમાં દુર્જન વધારે ક્રૂર છે. કારણ, સાપને તો મંત્રથી શાન્ત કરી શકાય છે. દુર્જનને તો કોઈ પણ મંત્રાદિથી શાંત કરી શકાતો નથી !